- બરાબર મિક્ષ કરો અને ઉકળે એ પહેલા જ ગેસ-સ્ટવ પરથી ઉતારી લો.
- મિશ્રણને ઠંડુ થવા દો.

**ઉપયોગ કરવાની રીત :**

- જ્યાં પાણી ભરાયું છે ત્યાં અને આખા બાવલા પર મિશ્રણ ને ઘસીને લગાવો.
- દરરોજ ૪ વાર એમ ૩ દિવસ સુધી લગાડવું.

### આંચળ બ્લોક થઈ જવું/કળી પડવી

**સામગ્રી :**

લીમડા ના પાંદડાની એક તાજી સળી, હળદર, માખણ અથવા ઘી

**બનાવવાની રીત :**

- આંચળની લંબાઈ પ્રમાણે લીમડાના પાંદડાની સળી કાપી લો.
- સળી ઉપર હળદર અને માખણ-ઘી નો મલમ બનાવીને લગાવો.

**ઉપયોગ કરવાની રીત :**

- મલમ લગાવેલી સળી ને ઘડિયાળ ના કાંટાની ઉંધી દિશામાં ફેરવીને આંચળમાં જવા દો.
- દરેક દોહન પૂરૂ થયા પછી નવી સળી બનાવવી.

### આઉનો સોજો

**સામગ્રી :**

કુવારપાઠું : ૨૫૦ ગ્રામ, હળદર : ૫૦ ગ્રામ (મૂળ અથવા પાવડર), ચૂનો : ૧૫ ગ્રામ, લીંબુ : ૨ નંગ

**બનાવવાની રીત**

- ત્રણેય સામગ્રી (કુવારપાઠું, હળદર અને ચૂનો) ને એક મીક્ષરમાં મિક્ષ કરી લાલ લેપ બનાવો.
- બંને લીંબુને કાપીને ૪ ભાગ કરો.

**ઉપયોગ કરવાની રીત**

- એક મુઠ્ઠી લેપમાં ૧૫૦-૨૦૦ મિલી પાણી નાખીને દ્રાવણ બનાવી દો.
- આઉને ધોઈને સાફ કરો અને મિશ્રણને આખા આઉં પર ઘસીને માલીશ કરો.
- આ પ્રક્રિયા દિવસમાં ૧૦ વાર એમ ૫ દિવસ સુધી કરવી
- પશુને ૩ દિવસ સુધી દરરોજ ૨ લીંબુ ખવડાવો

**નોંધ :** જો દુધમાં લોહી આવતું હોય તો ઉપર પ્રમાણે પ્રક્રિયા ઉપરાંત ૨ મુઠ્ઠી મીઠા લીમડાના પાન અને ગોળ મિક્ષ કરી જ્યાં સુધી લોહી બંધ ના થાય ત્યાં સુધી દિવસ માં ૨ વાર ખવડાવો.

### પોક્સ-મસા-આંચળમાં વાઢીયા

**સામગ્રી :**

લસણ : ૫ કળી, હળદર : ૧૦ ગ્રામ, જીરૂ : ૧૫ ગ્રામ, ડમરાના પાન : ૧ મુઠ્ઠી, લીમડાના પાન : ૧ મુઠ્ઠી, માખણ અથવા ઘી : ૫૦ ગ્રામ

**બનાવવાની રીત :**

- જીરાને પાણીમાં ૧૫ મિનીટ પલાળો. બધી સામગ્રીને મીક્ષરમાં મિક્સ કરીને પેસ્ટ બનાવો.
- માખણ અથવા ઘી ઉમેરીને બરાબર મિક્ષ કરો.

**ઉપયોગ કરવાની રીત :**

- લેપને પોક્સ-મસા-વાઢીયા મટી ના જાય ત્યાં સુધી શક્ય હોય એટલી વાર અસરગ્રસ્ત ભાગ પર લગાવો.
- અસરગ્રસ્ત ભાગ સુકો કર્યા પછી જ લેપ લગાવવો.

**સૌજન્ય :** રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ, આણંદ

Ganpat University | Krishi Vigyan Kendra

# પશુઓની બિમારીઓના ઘરગથ્થુ ઉપચાર



ડૉ. શરદ એમ. સોની | ડૉ. રમેશ એ. પટેલ

**કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મહેસાણા**
ગણપત વિદ્યાનગર-૩૮૪ ૦૧૨, મહેસાણા-ગાંધીનગર હાઈવે,
તા.જી. મહેસાણા (ઉ.ગુ.) ફોન : ૭૭૭૮૦૩૩૪૭૧
E-mail : kvkmehsana@ganpatuniversity.ac.in
Web: www.kvkmehsana.org

પ્રકાશક
કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, મહેસાણા
ગણપત યુનિવર્સિટી
વર્ષ : ૨૦૨૫-૨૬
પ્રત : ૧૫૦૦

## ખરવા-મોવાસો-ખરીમાં છાલા-ચાંદા

**સામગ્રી :**

વાંછીકાંટો/દદણોના પાન : ૧ મુઠ્ઠી, લસણ : ૧૦ કળી, લીમડાનાં પાન : ૧ મુઠ્ઠી, નાળીયેળ / તલનું તેલ : ૨૫૦ મિલી, હળદર : ૨૦ ગ્રામ, મેહંદીનાં પાન : ૧ મુઠ્ઠી, તુલસીના પાન : ૧ મુઠ્ઠી

**બનાવવાની રીત :**

- બધી સામગ્રીને મીક્ષરમાં મિક્ષ કરો.
- મિશ્રણમાં ૨૫૦ મિલી નાળીયેર-તલનું તેલ ઉમેરીને ગરમ કરીને ઠંડુ થવા દો.

**ઉપયોગ કરવાની ની રીત :**

- ઘા પર સીધું જ લગાવો અથવા મિશ્રણમાં સ્વચ્છ કપડું પલાળીને પાટો બાંધી દો.
- જો ઘામાં કીડા પડી ગયા હોય તો પહેલા દિવસે જ સીતાફળના પાનની પેસ્ટ અથવા નારિયેળનાં તેલમાં કપૂર મિક્ષ કરીને ઘા પર લગાવો.

## તાવ

**સામગ્રી :**

લસણ : ૨ કળી, ધાણા : ૧૦ ગ્રામ, જીરૂ : ૧૦ ગ્રામ, ડમરાના પાન : ૧ મુઠ્ઠી, તજના સુકા પાન : ૧૦ ગ્રામ, કાળા મરી : ૧૦ ગ્રામ, નાગરવેલ નાં પાન : ૫ નંગ, નાની ડુંગળી : ૨ નંગ, હળદર : ૧૦ ગ્રામ, કરિયાતું પાવડર : ૨૦ ગ્રામ, તુલસીના પાન : ૧ મુઠ્ઠી, લીમડાનાં પાન : ૧ મુઠ્ઠી, ગોળ : ૧૦૦ ગ્રામ

**બનાવવાની રીત :**

- જીરૂ, કાળા મરી અને ધાણાને પાણીમાં ૧૫ મિનીટ પલાળી રાખો.
- બધી સામગ્રીને મીક્ષરમાં મિક્ષ કરીને પેસ્ટ બનાવો.

**ઉપયોગ કરવાની રીત :**

- થોડી થોડી માત્રામાં સવારે અને સાંજે ખવડાવો.

## કરમિયા - કૃમિ

**સામગ્રી**

ડુંગળી : ૧ નંગ, લસણ : ૫ કળી, રાઈ : ૧૦ ગ્રામ, લીમડાનાં પાન : ૧ મુઠ્ઠી, જીરૂ : ૧૦ ગ્રામ, કારેલા : ૫૦ ગ્રામ, હળદર : ૫ ગ્રામ, મરી : ૫ ગ્રામ, કેળનું પ્રકાંડ : ૧૦૦ ગ્રામ, કુબાનાં પાન : ૧ મુઠ્ઠી, ગોળ : ૧૦૦ ગ્રામ

**બનાવવાની રીત :**

મરી, જીરૂ અને રાઈને ૩૦ મિનીટ સુધી પાણીમાં પલાળી રાખો.
બધી સામગ્રીને દળીને પેસ્ટ બનાવી લો.

**ઉપયોગ કરવાની રીત :**

- પેસ્ટના નાના લાડવા બનાવી લો.
- આ લાડવાને મીઠા સાથે દરરોજ એકવાર ૩ દિવસ સુધી ખવડાવો.

## કથીરી-ઈતરડી

**સામગ્રી**

લસણ : ૧૦ કળી, લીમડાનાં પાન : ૧ મુઠ્ઠી, લીમડાનાં ફળ : ૧ મુઠ્ઠી, વછ્છાનાં મૂળ : ૧૦ ગ્રામ, હળદર : ૨૦ ગ્રામ, ગન્ધારૂ (રૂખડી)નાં પાન : ૧ મુઠ્ઠી, તુલસીના પાન : ૧ મુઠ્ઠી

**બનાવવાની રીત :**

- બધી સામગ્રીને મીક્ષરમાં મિક્ષ કરો.
- મિશ્રણમાં ૧ લીટર ચોખ્ખું પાણી ઉમેરો.
- હવે મિશ્રણને ગળણીથી ગાળી લો.
- ગાળેલ પાણીને એક સ્પ્રે થાય એવી બોટલમાં ભરી લો.

**ઉપયોગ કરવાની રીત :**

- પશુનાં આખા શરીર પર ગાળેલ પાણીનો સ્પ્રે કરો.
- આ સ્પ્રે પશુનાં વાડામાં અને દીવાલની તિરાડોમાં પણ છાંટો.
- એક ચોખ્ખા કપડાને આ પાણીમાં ભીનું કરીને પણ પશુ પર લગાવી શકાય છે.
- જ્યાં સુધી કથીરી જતી નાં રહે ત્યાં સુધી અઠવાડિયામાં એક વાર લગાવો.
- આ પક્રિયા દિવસ દરમિયાન જ કરો.

## આફરો - અપચો

**સામગ્રી**

ડુંગળી : ૧૦૦ ગ્રામ, લસણ : ૧૦ કળી, સૂકાં મરચાં : ૨ નંગ, જીરૂ : ૧૦ ગ્રામ : હળદર : ૧૦ ગ્રામ, ગોળ : ૧૦૦ ગ્રામ, મરી : ૧૦ ગ્રામ, નાગરવેલના પાન : ૧૦ નંગ, આદુ : ૧૦૦ ગ્રામ

**બનાવવાની રીત :**

- મરી અને જીરૂને પાણીમાં ૩૦ મિનિટ પલાળી રાખો.
- બધી સામગ્રીને દળીને પેસ્ટ બનાવી દો.

**ઉપયોગ કરવાની રીત :**

- પેસ્ટના નાના લાડવા બનાવી દો.
- લાડવાને મીઠા સાથે દિવસમાં ૩-૪ વાર એમ ૩ દિવસ સુધી ખવડાવો.

## ઝાડા

**સામગ્રી**

મેથીના દાણા : ૧૦ ગ્રામ, ડુંગળી : ૧ નંગ, લસણ : ૧ કળી, જીરૂ : ૧૦ ગ્રામ, હળદર : ૧૦ ગ્રામ, મીઠા લીમડાનાં પાન : ૧ મુઠ્ઠી, ખસ ખસ : ૫ ગ્રામ, મરી : ૧૦ ગ્રામ, ગોળ : ૧૦૦ ગ્રામ, હિંગ : ૫ ગ્રામ

**બનાવવાની રીત :**

- જીરૂ, હિંગ, ખસ ખસ અને મેથીને સુગંધ આવે ત્યાં સુધી શેકો.
- મિશ્રણને ઠંડુ કરીને પાવડર બનાવી દો.
- પાવડરને બીજી સામગ્રી સાથે દળીને પેસ્ટ બનાવી દો.

**ઉપયોગ કરવાની રીત :**

- પેસ્ટના નાના લાડવા બનાવી દો.
- લાડવાને દરરોજ એકવાર એમ ૧ થી ૩ દિવસ સુધી ખવડાવો.

## ખરવા-મોવાસો-મોઢાનાં છાલા

**સામગ્રી**

જીરૂ : ૧૦ ગ્રામ, મેથી : ૧૦ ગ્રામ, કાળા મરી : ૧૦ ગ્રામ, હળદર : ૧૦ ગ્રામ, લસણ : ૪ કળી, નાળીયેર : ૧, ગોળ : ૧૨૦ ગ્રામ

**બનાવવાની રીત :**

- જીરૂ, મેથી અને કાળા મરીને પાણીમાં ૨૦-૩૦ મિનીટ પલાળી રાખો.
- બધી સામગ્રીને મીક્ષરમાં મિક્ષ કરીને પેસ્ટ બનાવો.
- પેસ્ટમાં એક આખું છીણેલું નારીયેળ નાખી બરાબર મિક્ષ કરો.
- દરેક વખતે પેસ્ટ નવી બનાવો.

**ઉપયોગ કરવાની રીત :**

- પેસ્ટને મોઢામાં, જીભ અને તાળવા પર લગાવો.
- આ પેસ્ટ દિવસમાં ૩ વાર એમ ૩ થી ૫ દિવસ લગાવો.

## માટી (ગર્ભાશય) ખસી જવી

**સામગ્રી**

કુવારપાઠું : એક આખા પાનની જેલ, હળદર : એક ચપટી, લજામણીના પાન : ૨ મુઠ્ઠી

**બનાવવાની રીત :**

- કુવારપાઠાના પાનની જેલ કાઢી લો.
- જેલની ચીકાશ નીકળી ના જાય ત્યાં સુધી પાણીથી સાફ કરો.
- ૧ ચપટી હળદર નાખીને મિશ્રણ અડધું થઈ જાય ત્યાં સુધી ગરમ કરો અને ઠંડુ થવા દો.
- લજામણીના પાનની પેસ્ટ બનાવો.

**ઉપયોગ કરવાની રીત :**

- ખસી ગયેલી માટી (ગર્ભાશય)ને સાફ કરો.
- ઠંડુ થયેલ મિશ્રણને બહાર નીકળેલ ગર્ભાશય પર છાંટો.
- મિશ્રણ સુકાઈ જાય પછી લજામણીના પાનની પેસ્ટ લગાવો.
- જ્યાં સુધી સ્થિતિ સુધરે નહિ ત્યાં સુધી લગાવતાં રહો.

## ઉથલા મારવા (ઠરવું નહિ)

**ઉપયોગ કરવાની ની રીત :**

- ગરમીમાં આવ્યાના પહેલા કે બીજા દિવસે આ પ્રક્રિયા ચાલુ કરવી.
- નીચે બતાવેલ ક્રમ પ્રમાણે તાજી સામગ્રી પશુને ગોળ અને મીઠા સાથે દિવસમાં એકવાર ખવડાવવી
- ૧ મૂળો ૫ દિવસ સુધી.
- ૧ કુવારપાઠુંનું પાન ૪ દિવસ સુધી.
- ૪ મુઠ્ઠી સરગવાના પાન ૪ દિવસ સુધી
- ૪ મુઠ્ઠી સાંધાવેલ ૪ દિવસ સુધી
- ૪ મુઠ્ઠી મીઠા લીમડાનાં પાન હળદર સાથે ૪ દિવસ સુધી
- જો પશુ ગાભણ ના થાય તો ઉપર પ્રમાણેની પ્રક્રિયા ફરી એકવાર કરો.

## આરહો-આઉમાં પાણી ભરાઈ જવું

**સામગ્રી**

તલ/સરસીયું તેલ : ૨૦૦ મિલી, હળદર : ૧ મુઠ્ઠી, લસણ : ૨ કળી

**બનાવવાની રીત :**

- તેલ ગરમ કરો અને તેમાં હળદર અને લસણના ટુકડા નાખો.